૬૦ / ૩૦૦૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫] (રવિવાર, ૯ જુલાઈ, ૨૦૦૦) [કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### (વિભાગ - ૧ કિશોર સત્સંગ પ્રવીણ)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'તારા હાથ બતાવ તો.'
૨. 'તમારા ગુરુજીને કોઈ વખત આમ થાય છે ?'
૩. 'રોજ તમે વહેલા આવો છો, પણ આજે કેમ મોડું થયું છે ?'
૪. 'મન તો હા પાડે છે.'

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગના કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. શાંતિબાએ પોતાની મિલકતમાંથી અડધો અડધ રકમ મહારાજ માટે કાઢી.
૨. મહારાજે કલ્યાણદાસનું નામ અદ્‌ભુતાનંદ સ્વામી પાડ્યું.
૩. જેઠા મેરને ઘેર શ્રીજીમહારાજ દર્શન દેવા પધાર્યા.
૪. બંધિયાના વાણિયાઓએ શ્રીજીમહારાજની માફી માંગી.

**પ્ર.૩. નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. કૃપાનંદ સ્વામી.
૨. રાજાભાઈ
૩. મગનભાઈ
૪. અલૈયાખાચર

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. તીર્થો કેટલા પ્રકારનાં છે? કયાં કયાં ?
૨. ધ્યાનચિંતામણિના રચયિતા કોણ છે ?
૩. શ્રીજીમહારાજની મુખ્ય આજ્ઞા કઈ ?
૪. રામબાઈએ શ્રીજીનું ચરણારવિંદ ઘડામાં કેમ બોળાવ્યું ?





૫. જનમંગલ સ્તોત્રમાં શ્રીજીમહારાજના કેટલાં નામ છે ?
૬. શ્રીજીમહારાજે કા. ૬માં સોમલાખાચરની શી પ્રશંસા કરી છે ?

**પ્ર.૫. નીચે આપેલ સ્વામીની વાત પૂરી કરી તેનું વિવરણ લખો.** ૫

ભગવાન ને મોટા સાધુને આશરે....

**અથવા વચનામૃતનું નિરૂપણ લખો.**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૨મું

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. ધ્યાન.
૨. વચનામૃત.
૩. ગૃહસ્થાશ્રમીના વિશેષ ધર્મો.

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ ત્રણ કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડી પૂરી કરો.** ૬

૧. શિર પર પુષ્પનો ................................ શોભે ઘણેરાં.
૨. શિક્ષાર્થમત્ર નિજ ................................ શરણં પ્રપદ્યે ॥
૩. વહાલા તારે જમણે ............................ પ્રવીણ છે રે લોલ.
૪. બ્રહ્મભૂતઃ ............................................ લભતે પરામ્ ॥
૫. વળી તમારે વિષે ................................ ન ભૂલીએ હરિ.

### (વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ?'
૨. 'તમે બ્રહ્મ ખરા.'
૩. 'અમે રહીએ કે અમારા જેવા રાખીએ ?'
૪. 'હવે તેને લાકડાં કાપવાં નહિ પડે.'

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. ગુણાતીતાનંદ સ્વામી જેતલપુરમાં રાત્રે પાથર્યા વગર સૂઈ ગયા.
૨. કરસન બાંભણિયાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.
૩. રઘુવીરજી મહારાજની બધી ગ્રંથિઓ ગુણાતીતાનંદ સ્વામીએ ગાળી દીધી.
૪. વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ કથા કરવાનું ચાલુ રાખ્યું.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** **૮**

૧. નિર્માનિતા.

૨. અમારું અક્ષરધામ.

૩. દર્શનની તાલાવેલી.

૪. માન અપમાનમેં એકતા.

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **૫**

૧. મૂળજીનાં માતાપિતાનાં નામ જણાવો.

૨. પોતાના અંતિમ મંદવાડમાં સ્વામીને જોઈ મહારાજ શું બોલ્યા ?

૩. ગોપાળાનંદ સ્વામીએ અંત સમયે શિવલાલ શેઠને શું કહ્યું ?

૪. નિષ્કુળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી કેવી રીતે પંચવિષયનાં મૂળ કાપતા ?

૫. જૂનાગઢ મંદિરની પ્રતિષ્ઠા વખતે મહારાજે સૌ હરિભક્તોને શી આજ્ઞા કરી ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** **૮**

૧. સેવા કરે તે મહંત.

૨. ક્ષમાશીલ.

૩. મહારાજ જામીન થયા.

૪. દારિદ્રય ટાળ્યું.

**(વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ ત્રણ વિષે ત્રીસ-ત્રીસ લીટીમાં વિવરણ લખો.** **૨૧**

૧. કૃપાસાધ્ય શ્રીજીમહારાજ **અથવા**
વ્યસનમુક્તિની રીત.

૨. થોરે કેળાં. **અથવા**
ગુરુવચને ચૂરેચૂરા.

૩. મોટાં રામબાઈ. **અથવા**
સુંદરજી સુથાર.

૪. આજ્ઞાપાલક જાગા સ્વામી. **અથવા**
મૂળજી બ્રહ્મચારીની કસોટી.